મહેસાણા, અમદાવાદ, ગાંધીનગર, સુરત, પાટણ, બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લીમાં બહોળો ફેલાવો ધરાવતું એકમાત્ર નિષ્પક્ષ અખબાર

સત્ય એના પૂર્ણ સ્વરૂપમાં...

# ગરવી તાકાત

GARVI TAKAT DAILY દૈનિક

તંત્રી : પ્રકાશ આર.ચૌધરી

G NEWS ગરવી તાકાત LIVE

૧૬-૧૨-૨૦૨૪
સોમવાર

વર્ષ : ૧૦ ★ અંક નં : ૨૫૫
પેજ : ૪ ★ વિક્રમ સંવત : ૨૦૮૧

કાર્યાલય : ૯,અંબિકા કોમ્પ્લેક્ષ, ટી.બી. રોડ, ભમરિયાનાળા પાસે, મહેસાણા-૨ ● ફોન : ૦૨૭૬૨ ૨૪૨૨૦૧ ● મો : ૯૨૨૭૧ ૧૩૫૫૫ ● કિંમત રૂા.3-૦૦ ● Email : garvitakat1511@gmail.com ● www : garvitakat.com •• RNI No. GUJGUJ/2015/61367

ગરવી તાકાત
હવે આંગળીના ટેરવે
તમારા ગામ કે શહેરના સમાચાર વાંચો એક આંગળીના ટેરવે
પ્લે સ્ટોરમાંથી ડાઉનલોડ કરો અને મેળવો તમારા ગામના કે શહેરના લેટેસ્ટ સમાચાર તથા ઈ-પેપર તમારા મોબાઈલમાં
Garvi Takat app

### ભાજપે ઘડી કાઢેલી ફોર્મ્યુલા અનુસાર આખરે ખેડૂત વિભાગના ૧૦ અને વેપારી વિભાગના ૪ ઉમેદવારોને મેન્ડેટ આપવામાં આવ્યા છે

# એશિયાની સૌથી મોટી APMCની ચૂંટણીમાં કેમ સર્જાયું કમઠાણ? મોટા માથાના નામ કપાતાં અસંતોષનો ચરૂ

### ખેડૂત વિભાગમાંથી ઉમેદવારી નોંધાવનાર વર્તમાન ધારાસભ્ય કિરીટ પટેલની મેન્ડેટ નહીં બાદબાકી કરાશે

(ગરવી તાકાત) મહેસાણા તા.૧૫

ઊંઝા એપીએમસીના બોર્ડ ઓફ ડિરેકટર્સની ચૂંટણીમાં ભાજપે ઘડી કાઢેલી ફોર્મ્યુલા અનુસાર આખરે ખેડૂત વિભાગના ૧૦ અને વેપારી વિભાગના ૪ ઉમેદવારોને મેન્ડેટ આપવામાં આવ્યા છે.. ખેડૂત વિભાગમાંથી ઉમેદવારી નોંધાવનાર વર્તમાન ધારાસભ્ય કિરીટ પટેલની મેન્ડેટ નહીં બાદબાકી કરાશે. ફોર્મ પરત ખેંચવાની અંતિમ તારીખે ચૂંટણીના મેદાનમાં રહેલા ખેડૂત વિભાગના ૨૦ અને વેપારી વિભાગના ૧૬ ઉમેદવારોનું નામ બેલેટ પેપરમાં આવનાર હાવાથી કુલ ૧૦૬૬ મતદારો કોના ઉપર પસંદગીનો કળશ ઢોળશે તેના પર દારોમદાર રહેશે.

જ્યારે વેપારી વિભાગની વાત કરીએ તો, પટેલ કનુભાઈ પરસોત્તમદાસ, પટેલ પ્રહેલાદભાઈ મોહનલાલ, જોષી ભાનુભાઈ શંકરલાલ, પટેલ વિષ્ણુભાઈ વિઠલદાસને મેન્ડેટ આપ્યા છે.

આજ રોજ યોજાનાર ઊંઝા એપીએમસીની ચૂંટણીમાં ખેડૂત વિભાગની ૧૦ અને વેપારી વિભાગની ૪ મળીને કુલ ૧૪ બેઠકો માટે મતદાન થવાનું છે. જ્યારે ખરીદ વેચાણ વિભાગની ૧ બેઠક ઉપર એકમાત્ર દિનેશ પટેલનું ઉમેદવારી ફોર્મ રજૂ થયું હોવાથી તેઓ બીનહરીફ થયા છે..

માર્કેટયાર્ડની ચૂંટણી જાહેર થતાં જ સત્તા મેળવવા ભાજપના ત્રણ જૂથો સક્રિય બન્યા હતા. ઊંઝા માર્કેટ યાર્ડના પૂર્વ વાઈસ ચેરમેન અરવિંદ પટેલ સહિત મોટાભાગના ધૂરંધરોના નામના છેદ ભાજપે ઉડાડી નવા ચહેરાઓ પર દાવ ખેલ્યો છે.. જેથી પક્ષનો મેન્ડેટ મળવાની અપેક્ષા રાખીને બેઠેલા ઉમેદવારોમાં અસંતોષ ઝળક્યો છે..

પરંતુ ચૂંટણી લડવાની મક્કમતા દર્શાવતા ઈફકો, ખેડબ્રહ્મા, હારીજ જેવો બળવો થવાના મળેલા સંકેતને પગલે એકપણ ઉમેદવારને પક્ષનો મેન્ડેટ નહીં આપવાનો નિર્ણય કરાયો હતો..

ત્યારબાદ પૂર્વ ચેરમેન દિનેશ પટેલ જૂથ સામે ધારાસભ્ય કિરીટ પટેલ અને પૂર્વ મંત્રી નારણ પટેલ જૂથે હાથ મીલાવી ચૂંટણી પ્રચારના શ્રીગણેશ કર્યા હતા.. હવે મતદાનને આડે માંડ ચારેક દિવસ બાકી છે ત્યારે ભાજપ દ્વારા એકાએક ઊંઝાની ચૂંટણીમાં ખેડૂત વિભાગની ૧૪ બેઠકોના અને વેપારી વિભાગની ૪ બેઠકોના ઉમેદવારોને મેન્ડેટ આપવામાં આવતાં અનેક તર્કવિતર્ક સર્જાયા છે.

પક્ષ દ્વારા જૂના જોગીઓની બાદબાકી કરીને નવા ચહેરાઓ ઉપર પસંદગી ઉતારવામાં આવતાં અસંતોષનો ચરૂ ઉકળ્યો છે.. તેમાંથી મોટાભાગના ઉમેદવારો આરપારની ચૂંટણી લડી લેવાના મુડમાં જણાતા કડકડતી ઠંડીમાં પણ ઊંઝા તાલુકામાં રાજકીય ગરમાવો જોવા મળી રહ્યો છે.. ફોર્મ પરત ખેંચવાની અંતિમ તારીખે માર્કેટયાર્ડની ચૂંટણી સમરસ થાય તે માટે ભાજપે પ્રયત્નો કર્યા હતા.

**ભાજપ દ્વારા ખેડૂત વિભાગ માટે**

- પટેલ ડાહ્યાભાઇ હરગોવનદાસ
- પટેલ રમણભાઈ ઈશ્વરભાઈ
- પટેલ ધર્મેન્દ્રભાઈ જીવણભાઈ
- પટેલ અંબાલાલ જોઈતારામ
- પટેલ ભગવાનભાઈ શિવરામભાઈ
- પટેલ પ્રહેલાદભાઈ હરગોનદાસ
- પટેલ ધીરેન્દ્રકુમાર બાબુલાલ,
- પટેલ કનુભાઈ રામભાઇ
- પટેલ હસમુખભાઈ કચરાભાઈ
- પટેલ સુપ્રીત ગૌરાંગભાઈ




### શેરીમાં બાળકને રખડતા ઢોરે અડફેટે લેતા ગંભીર ઇજા,બાળકને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડાયો

# મહેસાણામાં રખડતા ઢોરનો આતંક: પીલાજી ગંજ વિસ્તારમાં રખડતા ઢોરે બાળકને અડફેટે લીધો

(ગરવી તાકાત) મહેસાણા તા.૧૫

મહેસાણામાં અવારનવાર રખડતાં ઢોરોનો ત્રાસ જોવા મળતો હોય છે. અનેકવાર રખડતા ઢોરના કારણે અકસ્માત પણ બનતા હોય છે, ત્યારે ગઈકાલે શહેરમાં ઘર આંગણે રમતા કિશોરને રખડતા ઢોરે શીંગડે ભેરવી ઉછાળ્યો હતો. જેથી બાળકને ગંભીર ઈજાઓ પહોંચી છે. સમગ્ર ઘટનામાં હાજર લોકોએ કિશોરને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. ત્યારે આ સમગ્ર ઘટના પોળમાં લાગેલા ઝઝ્ફ કેમેરામાં કેદ થવા પામી હતી. ઘટનાની



જાણ માતાને થતાં તેણે બૂમાબૂમ કરી મૂકી હતી.

મહેસાણા શહેરમાં રખડતાં ઢોરોનો ત્રાસ વધી રહ્યો છે. ત્યારે દિવસે તો ઠીક પણ રાત્રે રખડતાં ઢોર લોકોને અડચણ રૂપ બની રહ્યાં છે. ગઈકાલે ૯.૩૦ કલાક આસપાસના સમયગાળા દરમિયાન શહેરમાં આવેલા પીલાજી ગજ વિસ્તારમાં વંશ આર્યબંધુ નામનો કિશોર ઘરઆંગણે રમતો હતો.

એ દરમિયાન ત્યાં એક રખડતી ગાય આવી હતી અને કિશોરને પાછળથી ભેટું મારી ઉછાળ્યો હતો. ગાયનું ભેટું વાગતા કિશોર માત્ર ગણતરીની સેંકડોમાં ઊછળી રોડની સાઈડમાં પટકાયો હતો અને બેભાન થઈ ગયો હતો.

એ જોઈ આગળ જતાં લોકો દોડી આવ્યા હતા અને કિશોરની માતાને બૂમો પાડી નીચે બોલાવી હતી. સ્થાનિકો દ્વારા બેભાન થયેલા કિશોરને ઊંચકી ગાડીમાં રાખી સારવાર માટે હોસ્પિટલમાં તાત્કાલિક ખસેડવામાં આવ્યો હતો. સમગ્ર ઘટનામાં કિશોરને માથાના ભાગે ગંભીર ઈજા થતાં હોસ્પિટલમાં દાખલ કરવાની ફરજ પડી હતી.

### દિપક પટેલે ભાજપના મેન્ડેટ વિરૂદ્ધ એપીએમસીની ચૂંટણીમાં ચાલુ રાખી હતી ઉમેદવારી

# ઊંઝા શહેર ભાજપના મહામંત્રી દિપક પટેલને હોદ્દા પરથી દૂર કરાયા

(ગરવી તાકાત) મહેસાણા તા.૧૫

ઊંઝા એપીએમસીની ચૂંટણીને લઈ ભારે રસાકસી જોવા મળી છે. ત્યારે ઊંઝા એપીએમસીની ચૂંટણીને લઈ વેપારી વિભાગમાંથી ઉમેદવારી નોંધાવેલ શહેર ભાજપ મહામંત્રી ડી જે પટેલને ભાજપનો મેન્ડેડ ના મળવા છતાં પોતાની ઉમેદવારી ચાલુ રાખતાં આજે મહેસાણા જિલ્લા ભાજપ પ્રમુખ દ્વારા હોદ્દા પરથી દૂર કરવામાં આવ્યા છે.

જિલ્લા ભાજપ પ્રમુખ દ્વારા આપવામાં આવેલા સસ્પેન્શન ઓર્ડરમાં જણાવાયું છે કે, હાલમાં એપીએમસી ઊંઝાની સામાન્ય ચૂંટણી ચાલી રહી છે. જેમાં તમોએ ઉમેદવારી નોંધાવેલી છે. જેમાં આપે પાર્ટીના મેન્ડેડના વિરુદ્ધ જઈને તમારી ઉમેદવારી ચાલુ રાખી પાર્ટીના મેન્ડેડનો અનાદર કર્યો છે. જેથી આજ રોજ ભારતીય જનતા પાર્ટીના ઊંઝા શહેરના મહામંત્રી પદેથી તાત્કાલિક અસરથી દૂર કરવામાં આવે છે.



અત્રે ઉલ્લેખનીય છે કે, પક્ષના મેન્ડેડનો અનાદર કરવા બદલ ઊંઝા શહેર ભાજપ મહામંત્રી ડી જે પટેલને તાત્કાલીક હોદ્દા પરથી દૂર કરવામાં આવતાં ઊંઝાનો રાજકીય માહોલ ગરમાયો છે.



**જોઈએ છે, કમ્પ્યુટર એન્જીનીઅર (પગાર ૮ થી ૧૦ હજાર)**

મહેસાણા શહેર માટે કમ્પ્યુટર / લેપટોપ / પ્રિન્ટર અને CCTV નું રીપેરીંગ તેમજ સોફ્ટવેર નું કામ કરી શકે તેવા એન્જીનીઅર ની જરૂર છે. ટુ વ્હીલરનું લાયસન્સ હોવું જોઈએ. નીચે આપેલા અમારા સરનામે આપનો CV લઈને રૂબરૂ મળો.

**PRAMAY IT Services**
Basement B-17, Mahalaxmi Complex,
Nr. Tansihq Jweller, Radhanpur Road,
Mehsana. 384002. • Mo.8905104443

### ચૌધરી હરિભાઈ નરસંગભાઈ પરિવાર દ્વારા

# તારીખ ૧૬ થી ૨૨ ડિસેમ્બર દરમિયાન ભવ્ય શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞનું આયોજન

### શ્રીમદ્ ભાગવત સપ્તાહનું પ્રસિદ્ધ કથાકાર પૂજ્ય શ્રી જીગ્નેશદાદા (રાધે રાધે)ના મુખારવિંદે વાંચન કરાશે

**શ્રી કનુભાઈ ડાહ્યાભાઈ ચૌધરી (પ્રમુખ ગૃપ) દ્વારા ગામની બહેન-દીકરીઓને કાંસાની થાળી-વાટકી ભેટ સ્વરૂપે આપવામાં આવશે**



(ગરવી તાકાત) મહેસાણા તા.૧૫

મહેસાણા જિલ્લાના દગાવાડીયા ગામ ખાતે તા.૧૬ થી ૨૨ ડિસેમ્બર દરમિયાન શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞનું આયોજન કરવામાં આવ્યું છે. કુળદેવી શ્રી અર્બુદા માતાજી તથા ઈષ્ટદેવ શ્રી શેંટલાવીર દાદાની અસીમ કૃપાથી અ.સૌ. તખતબેન ડાહ્યાભાઈ અને શ્રી ડાહ્યાભાઈ હરિભાઈ ચૌધરીની પ્રેરણાથી સ્વર્ગવાસ શ્રી હરિભાઈ નરસંગભાઈ ચૌધરીના પુણ્યાર્થે તથા પરિવારના કલ્યાણાર્થે સમગ્ર શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞનું આયોજન કરવામાં આવ્યું છે. સંવત ૨૦૮૧ના માગશર વદ-૧ને સોમવાર, તા.૧૬ ડિસેમ્બરના શુભ દિવસથી પોથીયાત્રા-કથાનો પ્રારંભ થશે અને માગશર વદ-૭ને રવિવાર, તા. ૨૨ ડિસેમ્બરના રોજ કથા વિરામ થશે. સમગ્ર પરિવાર અને ગ્રામજનો ભાગવત સપ્તાહ દરમિયાન સવારે ૯ થી બપોરે ૧ કલાક સુધી કથાનો લાભ લઈ શકશે.

શ્રીમદ્ ભાગવત સપ્તાહ દરમિયાન દરરોજ વિવિધ ભક્તિથી ભરપૂર કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. જે અંતર્ગત માગશર વદ-૧ તા.૧૬ ડિસેમ્બર, સોમવારના રોજ બપોરે ૩ કલાકે પોથીયાત્રા નીકળશે. ચોથા દિવસે માગશર વદ-૪ તા.૧૯ ડિસેમ્બર, ગુરુવારના રોજ નંદ ઉત્સવનું સુંદર આયોજન કરવામાં આવ્યું છે. કથાના છઠ્ઠા દિવસે માગશર વદ-૬ તા.૨૧ ડિસેમ્બર, શનિવારના રોજ શ્રી કૃષ્ણ–રૂક્ષ્મણિ વિવાહના અલૌકિક કાર્યક્રમનું આયોજન પણ કરાયું છે. ભાગવત સપ્તાહના અંતિમ દિવસ એટલે કે માગશર વદ-૭ તા.૨૨ ડિસેમ્બર, રવિવારના રોજ બપોરે ૧ કલાકે કથા વિરામ થશે. કથાના યજમાન એવા ચૌધરી પરિવાર દ્વારા સમગ્ર ભાગવત સપ્તાહ દરમિયાન સર્વે ભક્તો માટે મહાપ્રસાદનું પણ સુંદર આયોજન કરવામાં આવ્યું છે.

શ્રીમદ્ ભાગવત સપ્તાહ દરમિયાન ઉપસ્થિત ભક્તો પરમ પૂજ્ય શાસ્ત્રી શ્રી રામકૃષ્ણદાસ સ્વામીજી તથા સાધ્વી ભાગ્ય શ્રી દેવીજી જેવા સંતોના દર્શનનો લ્હાવો લઈ શકશે. આ ઉપરાંત તા.૧૮ ડિસેમ્બર, બુધવારના રોજ રાત્રે ૮:૩૦ કલાકે સુપ્રસિદ્ધ લોક સાહિત્યકાર રાજભા ગઢવી અને સાથી કલાકારો દ્વારા ભવ્ય લોક ડાયરાનું પણ આયોજન કરવામાં આવ્યું છે. તા.૨૦ ડિસેમ્બર, શુક્રવારના રોજ ગામની બહેન-દીકરીઓને કાંસાની થાળી-વાટકી ભેટ સ્વરૂપે આપવામાં આવશે. આ જ દિવસે રાત્રે ૮:૩૦ કલાકે ભવ્ય રાસ ગરબાનું પણ આયોજન કરવામાં આવ્યું છે, જેમાં દિવ્યા ચૌધરી ગ્રુપ અને રાહુલ આંજણા જેવા કલાકારો રાસ ગરબાની રમઝટ બોલાવશે.

મનુષ્ય જન્મમાં મુક્તિ અપાવનાર ભાગવત કથાના શ્રવણથી, દર્શનથી અને પૂજનથી પાપનો નાશ થાય છે. જે શક્તિ ભગવાનમાં છે તે જ દિવ્ય શક્તિ આ ભાગવત શાસ્ત્રમાં છે. જે ભગવાનની સાક્ષાત શબ્દમયી મૂર્તિ છે. આવા સુંદર આસ્થા અને ભક્તિથી ભરપૂર શ્રીમદ ભાગવત સપ્તાહનું આયોજન ગાંધીનગર ખાતે આવેલા પ્રખ્યાત પ્રમુખ ગૃપના આગેવાન અને મહેસાણા દૂધસાગર ડેરીના ડિરેક્ટર શ્રી કનુભાઈ ડાહ્યાભાઈ ચૌધરી દ્વારા કરવામાં આવ્યું છે.




# રાજ્યો વચ્ચે રોકાણ મુદ્દે વધતી પ્રતિસ્પર્ધા

ગત દિવસોમાં ઉત્તરાખંડમાં વૈશ્વિક રોકાણકાર સંમેલનનું આયોજન કરવામાં આવ્યું, જેનો ઉદ્દેશ્ય રાજ્યની આર્થિક ક્ષમતાને વધારવા માટે રોકાણકારોને આકર્ષિત કરવાનો હતો. તેમાં વિભિન્ન યોજનાઓ સંબંધિત ૪૪ હજાર કરોડ રૂપિયાના રોકાણ પ્રસ્તાવો પર હસ્તાક્ષર કરવામાં આવ્યા. ત્યારબાદ બિહારમાં પણ બે દિવસીય રોકાણકાર સંમેલન થયું. તેમાં ત્રણસોથી વધુ ઉદ્યમીઓએ રાજ્યમાં ૫૦ હજાર કરોડ રૂપિયાથી વધારેના રોકાણની ઈચ્છા વ્યક્ત કરી. જો આ પ્રસ્તાવોને વાસ્તવિક રૂપે ધરાતલ પર ઉતારવામાં આવે તો બંને રાજ્યો આર્તિક પ્રગતિ અને વિકાસના નવા આયામ સ્થાપિત કરી શકે છે. રોકાણ કોઈપણ અર્થવ્યવસ્થા માટે વૃદ્ધિ અને વિકાસના મુખ્ય ઉત્પ્રેરક રૂપે કામ કરે છે. રોકાણકાર સંમેલન રાજ્ય માટે રોજગારના અવસર સર્જિત કરવાની સાથે વિભિન્ન પરિયોજનાઓને પૂરી કરવામાં મદદ પણ કરે છે. તેનાથી ન માત્ર રાજસ્વ વધે છે, બલ્કે રાજ્યના લોકોને પણ વ્યવસાય માટે બહેતર માહોલ મળે છે. રાજ્યની સંસ્કૃતિ, ખાનપાન અને વૈવિધ્યકરણને વૈશ્વિક સ્તર પર ઓળખ મળે છે. રોકાણના ગુણક પ્રભાવથી એ રાજ્યની સ્વાસ્થ્ય સુવિધાઓ, નગરીકરણ, આધારભૂત સંરચના પણ વધુ મજબૂત થાય છે. આવકના સ્ત્રોતો વધવાથી રાજ્યોને દેવાંની જાળમાંથી બહાર કાઢવાનો અવસર મળે છે, સાથે જ તેમની કેન્દ્ર સરકારના અનુદાન પર નિર્ભરતા ઓછી થઈ જાય છે. રોકાણકાર શિખર સંમેલન રાજ્યોએ પોતાની આર્થિક સ્થિતિને સમજવાનો નવો દષ્ટિકોણ આપે છે.

નીતિ આયોગ દ્વારા સહકારી સંઘવાદને ઉત્તેજન આપ્યા બાદથી રાજ્ય પોતાના સંસાધનોના અનુકૂળતમ પ્રયોગ માટે યોજનાઓ ખુદ બનાવી રહ્યા છે. રાજ્ય પોતાની અર્થવ્યવસ્થામાં વૃદ્ધિ માટે ખાનગી રોકાણના મહત્ત્વને સમજવા લાગ્યાં છે. બદલાતા આર્થિક માહોલમાં રાજ્ય રોકાણ માટે રોકાણકારોને આમંત્રિત કરી રહ્યાં છે. તેના માટે તેઓ જરૂરિયાત પ્રમાણ શ્રમસુધાર કરી રહ્યાં છે. નિયમ-કાયદાને સુધારવાની દિશામાં આગળ વધી રહ્યાં છે. ઉદ્યોગીકરણને ઉત્તેજન આપતી નીતિઓને પ્રોત્સાહિત કરી રહ્યા છે. ટેકનિકને ઉત્તેજન આપવાની સાથે જ પોતાના અધિનિયમોમાં પરિવર્તન કરી રહ્યાં છે. તેને કારણે વિભિન્ન રાજ્યો વચ્ચે પ્રતિસ્પર્ધાનો એક નવો દોર શરૂ થયો છે. ભારતનું દરેક એ રાજ્ય જેની પાસે વ્યવસાયના અવસર છે, રોકાણકાર સંમેલનનું આયોજન કરી રહ્યું છે. જે રોકાણ પહેલાં માત્ર બંદરવાળાં ક્ષેત્રોમાં થતાં હતાં, આજે તેમાં બદલાવ આવ્યો છે. રોકાણકાર હવે એ રાજ્યોમાં પણ રોકાણ કરી રહ્યા છે, જ્યાં વ્યવસાયને વધારવાના અવસર છે. આવાં સંમેલન મહારાષ્ટ્ર, યુપી, બંગાળ, અસમ, આંધ્ર પ્રદેશ, પંજાબ, છત્તીસગઢ, રાજસ્થાન વગેરેમાં પણ આયોજિત થઈ ચૂક્યાં છે.આ રોકાણ સંમેલનોની સફળતા એ વાત પર નિર્ભર કરે છે કે કરવામાં આવેલ સમજૂતીઓમાંથી કટેલાકને વાસ્તવિકતાના ધરાતલ પર ઉતારવામાં આવે છે.

વ્યાવહારિકતામાં આ સંમેલન રાજકીય દષ્ટિકોણને વધુ પુષ્ટ કરે છે, જ્યારે આ સંમેલનોનો ઉદ્દેશ્ય રાજ્યના આર્થિક દષ્ટિકોણને વધુ મજબૂત કરવાનો હોવો જોઈએ. રોકાણકાર કોઈપણ રાજ્યમાં ત્યાં સુધી રોકાણ કરવા તૈયાર નથી થતા જ્યાં સુધી કે એ રાજ્યની રાજકીય અને પ્રશાસનિક સ્થિતિઓ તેમને અનુકૂળ નથી હોતી. તેના માટે રાજ્યોએ ગંભીરતાથી નીતિગત પહેલ કરવી પડશે. લાલફીતાશાહીને ઘટાડવા માટે નિયામક પ્રણાલીને આસાન બનાવવી પડશે. પહેલી હરોળના પદાધિકારીઓને નાણાંકીય અને પ્રશાસનિક શક્તિઓ સોંપવાની સાથે જવાબદારી પણ નક્કી કરવી જોઈએ. નીતિ નિર્માણ અને કાર્યાન્વયનની જવાબદારીઓ અલગ કરવાથી નિષ્પાદનમાં ઝડપ આવે છે. ડિજિટલ ડિવાઈડને ઘટાડવાની સાથે નિરીક્ષણ એજન્સીઓને સંવેદનશીલ બનાવવી જોઈએ. સમયબદ્ધતા પર વિશેષ ધ્યાન આપવાથી મૂડીના ખર્ચને સ્થિર રાખી શકાય છે. ઉત્પાદકતા વધારવા માટે ઉત્પાદનના કારકોમાં જરૂરિયાત અનુસાર સુધાર કરવા જોઈએ. શૂન્ય કાર્બન ઉત્સર્જનની દિશામાં આગળ વધી રહેલા ભારતમાં પર્યાવરણના પડકારોને પણ ધ્યાનમાં રાખવા પડશે. રોકાણકારોની કસોટી પર ખરા ઉતરવા માટે દરેક રાજ્યની તેના સંસાધનો અનુસાર જવાબદારી નિર્ધારિત કરવી જોઈએ. સેવા, કૃષિ, વિનિર્માણ, નવીનીકરણ ઊર્જા, ઈલેક્ટ્રીક વાહન, હાઈડ્રોજન ફ્યૂલ, ઈન્ફ્રાસ્ટ્રક્ચર, ખનન, પ્રસંસ્કરણ, રિયલ એસ્ટેટ, સ્વાસ્થ્ય, ઉચ્ચ શિક્ષણ, પર્યટન, ફિલ્મ અને આયુષ વગેરે એવાં ક્ષેત્ર છે, જે રાજ્યોના વિકાસની અસીમ સંભાવનાઓનાં દ્વાર ખોલે છે. તમામ રાજ્યો શ્રમસંપન્ન છે. એવામાં જો દરેક રાજ્ય પોતાના સંસાધનોનો અનુકૂળતમ પ્રયોગ કરે તો આઠ ટકાના વિકાસ દરને આસાનીથી હાંસલ કરી શકાય છે.

**તંત્રી : પ્રકાશ ચૌધરી**

## દવાના નામે લૂંટ ચલાવતી ખાનગી હોસ્પિટલો પર લગામ લાગશે

# હોસ્પિટલોના 'ઇન - હાઉસ' મેડીકલ સ્ટોરમાંથી જ દવા ખરીદવાનું ફરજીયાત નહીં : નવો પરિપત્ર

**હોસ્પીટલો ફરજ નહીં પાડી શકે : બોર્ડ - બેનર પણ લગાવવા પડશે : રાજ્ય સરકારે નિયમો જાહેર કર્યા**

(ગરવી તાકાત) અમદાવાદ તા.૧૫

અમદાવાદના ખ્યાતિકાંડના પગલે આરોગ્ય સેવા તથા હોસ્પિટલો વિવાદમાં આવી છે ત્યારે રાજ્ય સરકાર દ્વારા એક નવો પરિપત્ર ઈસ્યુ કરીને હોસ્પીટલો દર્દીઓને ઈન હાઉસ મેડીકલ સ્ટોરમાંથી દવા ખરીદવા માટે ફરજ ન પાડે તેવો આદેશ જારી કર્યો છે.




રાજ્યના ખોરાક અને ઔષધ નિયમન તંત્રના કમિશ્નર દ્વારા જારી કરવામાં આવેલા પરિપત્રમાં જણાવવામાં આવ્યો છે કે, દર્દીઓ માટે જે હોસ્પીટલમાંથી સારવાર મેળવતા હોય તે જ હોસ્પીટલના મેડીકલ સ્ટોરમાંથી દવા લેવાનું ફરજીયાત નથી. હોસ્પીટલો પણ આવી ફરજ પાડી નહીં શકે ખોરાક અને ઔષધ કમિશ્નર ડો. એચ.જી. કોસીયાએ જણાવ્યું હતું કે, હોસ્પીટલો દ્વારા તેના દર્દીઓને ઈન હાઉસ મેડીકલ સ્ટોરમાંથી જ દવા લેવાની ફરજ પાડવામાં આવતી હોવાનું તંત્રના ધ્યાન પર આવ્યું હતું.


આ બાબતને ધ્યાનમાં રાખીને સરકાર દ્વારા પરિપત્ર ઈસ્યુ કરવામાં આવ્યો છે અને હોસ્પીટલોને આવી ફરજ નહીં પાડવા સુચના આપવામાં આવી છે. તેઓએ કહ્યું કે, રાજ્યના નાગરિકોને જીવન જરુરી દવાઓ ગુણવત્તાયુક્ત અને યોગ્ય ભાવે મળી રહે તે માટે રાજ્ય સરકાર કટીબધ્ધ છે. ઈન હાઉસ મેડીકલ સ્ટોરમાંથી મળતી દવા ઘણા કિસ્સામાં મોંઘી હોય છે. આ સિવાય જેનેરીક કે અન્ય સસ્તી દવાઓ મેળવવા માંગતા દર્દીઓ તેનો લાભ લઈ શકતા નથી. આ બાબતને ધ્યાનમાં રાખીને સરકારે માર્ગદર્શિકા જાહેર કરી છે.તેઓએ કહ્યું કે, લોકોના હિતમાં તંત્ર દ્વારા તમામ હોસ્પીટલોની ઈન હાઉસ મેડીકલ સ્ટોરના સંચાલકોને એવી પણ સુચના આપવામાં આવી છે કે 'આ હોસ્પીટલના દર્દીઓએ અહીંથી દવા ખરીદવી ફરજીયાત નથી તેવા બોર્ડ-બેનર લગાવવામાં આવે' જેથી દર્દીઓ કોઈપણ મેડીકલ સ્ટોરમાંથી દવા ખરીદી શકે.

## ધરપકડ બાદ હોસ્પિટલ વિસ્તાર સુરક્ષિત કરાયો

# અમદાવાદમાં યુ. એન. મહેતા હોસ્પિટલમાં એટીએસે બે શખ્સોને બંદૂક સાથે ઝડપ્યા

અમદાવાદ,તા.૧૪

અમદાવાદના અસારવા વિસ્તારમાં આવેલી યુ એન મહેતા હોસ્પિટલમાં શુક્રવારે ગુજરાત છ્જીએ હથિયારો સાથે બે શખ્સોની ધરપકડ કરી છે. છ્જીના એક સિનિયર અધિકારીના જણાવ્યા અનુસાર ગુપ્ત માહિતીના આધારે હોસ્પિટલમાં ખાસ ઓપરેશન ચલાવવામાં આવ્યું હતું.




**ATS** ના સૂત્રો દ્વારા જણાવ્યા અનુસાર ગુજરાત છ્જીને સૂચના મળી હતી કે બે વ્યક્તિઓ હથિયાર સાથે યુ એન મહેતા હોસ્પિટલ આવી રહ્યા છે. જે બાદ તાત્કાલિક આસપાસના વિસ્તારમાં એક વિશેષ ટીમ તૈનાત કરી દેવામાં આવી હતી. આશરે બપોરના સવા ચાર વાગ્યે છ્જીની ટીમે હોસ્પિટલના ગેટ પર બે શકમંદોને રોક્યા અને બે બંદૂક સાથે ઝડપી પાડ્યા હતો.

નજરે જોનારે સમગ્ર ઘટના વિશે જણાવતા કહ્યું હતું, કે 'અધિકારીઓ સાદા કપડાંમાં તૈનાત હતા અને કોઈ જ હોબાળો મચાવ્યાં વિના અચાનક જ તેમણે બે લોકોને ઝડપી પાડયા, અમને તો પછી ખબર પડી કે તેમની પાસે હથિયાર હતા.' ધરપકડ બાદ **ATS** ની ટીમ હોસ્પિટલનો સમગ્ર વિસ્તાર સુરક્ષિત કર્યા પછી રવાના થઈ હતી.

## સૌરાષ્ટ્ર - કચ્છમાં ઠંડીનું મોજુ ફરી વળ્યું : રાજકોટમાં ૧૦.૬ ડિગ્રી સાથે પવન ફુંકાતા લોકો ઠુંઠવાયા : જુનાગઢ, જામનગર, ભાવનગરમાં પણ કોલ્ડવેવ જેવો અનુભવ

# ગિરનાર પર ૮૦ કિ.મી.ની ઝડપે પવન ફુંકાયો; રોપ - વે બંધ : નલીયા ૬ ડિગ્રી

(ગરવી તાકાત) અમદાવાદ તા.૧૫

સૌરાષ્ટ્ર-કચ્છમાં ઠંડીનો રાઉન્ડ આગળ ધપ્યો છે. આજે પણ નલીયા સૌથી ઠંડુ રહ્યું હતું. તો રાજકોટ સહિતના શહેરોમાં ઠંડા પવનોથી લોકો ધ્રુજયા હતા. નલીયામાં આજે પારો ગગડીને ૬ ડિગ્રી રહ્યું હતું.



તો ગિરનાર પર ૮૦ કિ.મી.ની ઝડપે પવન ફુંકાતા રોપ-વે બંધ કરવાની ફરજ પડી છે. આ સિવાય રાજકોટમાં ૧૦.૬ ડિગ્રી, અમરેલી ૧૨.૨ ડિગ્રી, ભુજ ૧૧.૨, દ્વારકા ૧૪.૯, પોરબંદર ૧૫.૬, વેરાવળમાં ૧૬.૪ ડિગ્રી ન્યુનતમ તાપમાન હતું. તો અમદાવાદમાં ૧૨.૫, વડોદરા ૧૦, ડીસામાં ૯.૧ ડિગ્રી પર પારો સ્થિર રહ્યો હતો.

જુનાગઢ અને જિલ્લામાં છેલ્લા બે દિવસથી તાપમાનનો પારો ઉંચકાયો છે. ગઈકાલે સવારથી પવનની ગતિ વધી જતા ગિરનાર પર ભારે પવન ફુંકાતા રોપ-વે બંધ કરાયો છે. લઘુતમ તાપમાન ૧૩ ડિગ્રીએ રહેવા પામ્યું છે.તા. ૧૦-૧૧ ડિસેમ્બરના પારો નીચે ૧૦ ડિગ્રીએ ગિરનાર પર ૫ ડિગ્રીએ ઉતરી જવા પામ્યો હતો. બાદ ૮ ડિગ્રીએ પારો ઉંચકાયો હતો.

ગઈકાલે ૧૩ ડિગ્રીએ અને આજે પણ ૧૩ ડિગ્રીએ ઠંડીનો પારો રહેવા પામ્યો છે. જુનાગઢમાં પવનની ગતિ પ્રતિ કલાક ૮.૪ કિ.મી. જયારે ગિરનાર પર્વત ઉપર ભારે પવન ફુંકાતા એટલે કે ૮૦ કિ.મી. પ્રતિ કલાક ઝડપ રહેવા પામતા રોપ-વેને બંધ કરવાની ફરજ પડી હતી.

બે દિવસથી રોપ-વે બંધ રહેવા પામ્યો છે. આજે પણ શહેરમાં પવનની ગતિ પ્રતિ કલાક ૧૦ કિ.મી.થી વધુ રહેવાનું અનુમાન જણાવાયું છે. ભેજ ૪૨ ટકા બપોરના ૨૯ ટકા રહેવા પામ્યો હતો.

# મૃત માણસ બોલી શકે? અકસ્માતનો ભોગ બનેલા યુવકને જ પોલીસે 'સાક્ષી' બનાવી દીધો

અમદાવાદ,તા.૧૪

સરકારી વિભાગોમાં થતા છબરડા-ભગા અને નિયમોનાં મનઘડત અર્થઘટન વિશે અનેકવિધ કિસ્સા પ્રકાશમાં આવતા જ રહે છે. આવો જ એક બનાવ સાણંદમાં પ્રકાશમાં આવ્યો, છે. જેમાં માર્ગ અકસ્માતમાં મોતને ભેટેલા યુવાનને જ પોલીસે સાક્ષી બનાવી દીધો હતો.મૃત વ્યકિત પોતાના જ અકસ્માતનાં પુરાવા આપી શકે તેવો સવાલ ઉભો થવા લાગ્યો છે.



સાણંદમાં ટ્રકની ઠોકરે બાઈક સવાર પુનમ એતાવાનું મોત થયુ હતું. પોલીસે એફઆઈઆરમાં તેને જ સાક્ષી બનાવ્યો હતો ૨૬ વર્ષિય યુવક વિરમગામ-સાણંદ હાઈવ પર ગત ૮ મી ડીસેમ્બરે પસાર થઈ રહ્યો હતો.

ત્યારે માધવનગર ક્રોસ રોડ પર ટ્રકે તેની બાઈકને ટકકર મારી હતી અને તેમાં તેનું મોત નિપજયુ હતું. આ અકસ્માત અંગે પોલીસે ટ્રક ચાલક સામે બેદરકારીપૂર્વક અને બેફામ ડ્રાઈવીંગ કરવાનો કેસ દાખલ કર્યો હતો.કેસમાં મૃતક પુનમને જ સાક્ષી બનાવી દીધો હતો.અકસ્માતમાં કે અન્ય કેસોમાં પોલીસે છબરડા વાળ્યા હોય તેવો આ પ્રથમ કિસ્સો નથી.અકસ્માતના કેસો વખતે આવા અનેક કિસ્સા બન્યા છે.

તાજેતરમાં બે જુદા જુદા કેસમાં મોટર સાયકલનો પણ ઉલ્લેખ કરી દીધો હતો.ગત વર્ષે ખેડા પોલીસ એક કેસમાં અજાણ્યા ઢોરનો ઉલ્લેખ કર્યો હતો કેસની ઉંડી તપાસ કે વાસ્તવિક કારણ મેળવવાની કડાકુટથી બચવા આમ થતુ હોય છે. ઓકટોબર ૨૦૨૨ માં પણ દુર્ઘટનાનાં એક કેસમાં રખડતા ઢોરનું કારણ આગળ ધરી દેવામાં આવ્યું હતું. ઢોરના માલીકની ઓળખ થવાનું લગભગ અશકય જ હોય છે.

## ગ્રહોનો રાઝ આપની આજ




**મેષઃ**આજે કોઈ કારણસર તમારું મન પરેશાન થઈ શકે છે. તમે કોઈ કારણસર અસ્વસ્થ થઈ શકો છો. વ્યાવસાયિક વિકાસ માટે કરવામાં આવેલા પ્રયત્નો નિરર્થક હોઈ શકે છે.

**વૃષભઃ**આજનો દિવસ તમારા માટે સંપૂર્ણ અનુકૂળ હોવાથી તમને લાભ મળશે. આજીવિકાના ક્ષેત્રે ચાલી રહેલા પ્રયત્નો ફળદાયી રહેશે. રાજકીય સહયોગ મળશે. સ્વાસ્થ્ય પ્રત્યે જાગૃત રહો. તમારી વાણી પર સંયમ રાખો.

**મિથુનઃ**આજે તમારે ખર્ચની દ્રષ્ટિએ થોડું ધ્યાન રાખવાની જરૂર છે. જો તમે બિનજરૂરી ખર્ચોને ટાળો છો તો પછી ફક્ત તમને ભવિષ્યમાં ફાયદો થશે. જો તમે કોઈ શારીરિક રોગથી પીડિત છો, તો આજે પીડામાં વધારો થઈ શકે છે.

**કર્કઃ**આજે ગ્રહોનો વિશેષ યોગ તમને આર્થિક સફળતા અપાવશે. નમ્ર વાણીથી તમારી પ્રતિષ્ઠા વધશે. તમારા સ્વાસ્થ્ય વિશે સાવધાન રહેવું. તમારી ખાવાની ટેવમાં ધૈર્ય રાખો.

**સિંહઃ**આજનો દિવસ થોડો મુશ્કેલ હોઈ શકે છે. આજે તમને કાર્યસ્થળમાં થોડી મુશ્કેલી અનુભવાઈ શકે છે. એકસાથે અનેક પ્રકારના કાર્યો હાથમાં લઈ શકો છો. એક પછી એક બધા કાર્યો પૂર્ણ કરવાનું વધુ સારું રહેશે.

**કન્યાઃ** આજનો દિવસ તમારા માટે મુશ્કેલ દિવસ છે. કાર્યક્ષેત્રમાં અધિકારીઓ સાથે અથવા વ્યવસાયના ક્ષેત્રમાં ઉદ્યોગપતિઓ સાથે અણબનાવ થઈ શકે છે.

**તુલાઃ**આજનો દિવસ થોડો મુશ્કેલ હોઈ શકે છે. આ સમયે તમારા જીવનમાં ઘણા પરિવર્તન આવે છે. આજે પરિવારના સભ્યો પણ ક્યારેક તમારા વિશે મૂંઝવણમાં મૂકાઈ શકે છે.

**વૃશ્ચિકઃ**પૈસાની દ્રષ્ટિએ આજનો દિવસ ખૂબ જ ફળદાયક બનવાનો છે. અચાનક મોટી રકમ મળી શકે છે અને તમારી સ્થિતિમાં સુધારો થઈ શકે છે. આ દિવસે તમને વ્યાવસાયિક યોજનાઓમાં લાભ મળશે અને દરેક કાર્યમાં વેગ મળશે.

**ધનુઃ**આજે કેટલાક લોકો તમારા કામમાં અડચણ ઊભી કરી શકે છે અથવા એવું પણ થઈ શકે છે કે કોઈ કારણસર અથવા અન્યના કારણે તમે તમારા લક્ષ્યથી પાછળ હટી શકો છો.

**મકરઃ**આજે ભાગ્યનો સાથ મળી રહ્યો છે અને તમામ કાર્ય સરળતાથી આરામથી થતાં જોવા મળશે. સારા દિવસોનો સંયોગ મનને આનંદિત કરશે. આ દિવસે તમે ધાર્મિક કાર્યોથી સંબંધિત પ્રવૃત્તિઓમાં વ્યસ્ત રહેશો.

**કુંભઃ**આજનો દિવસ વ્યસ્ત રહેશે. આજે તમે આવી યોજના બનાવી શકો છો જેને તમારી બહાદુરી અને પ્રયત્નોની જરૂર પડશે. પરિવારજનો અને મિત્રોનો સહયોગ ચાલુ રહેશે.

**મીનઃ** આજનો દિવસ તમારા માટે ખૂબ શુભ દિવસ છે. પરિવારમાં સુખ અને સમૃદ્ધિ મળશે અને તમને નોકરીમાં સફળતા મળશે. આજે તમારા રાજકીય હરીફો તમને પછાડવા પ્રયત્ન કરશે.

## ફિલ્મી ગપશપ

### EMI ચૂકવવા માટે, પસંદગી વગર ફિલ્મો કરી: વિવેક ઓબેરોય હવે વિદ્યાર્થીઓને કોલેટરલ ફ્રી લોન આપશે, કહ્યું- આનાથી સામાજિક પરિવર્તન આવશે



વિવેક ઓબેરોયે ઘણી ફિલ્મોમાં કામ કર્યું, પરંતુ તેની બોલિવૂડ કરિયર એ ઉંચાઈએ પહોંચી શક્યું નહીં જેની અપેક્ષા હતી. આ પછી વિવેકે પોતાનું ધ્યાન ફિલ્મોને બદલે બિઝનેસ પર કેન્દ્રિત કર્યું અને તે તેમાં ઘણો સફળ રહ્યો. તેમની કંપની કોલેટરલ ફ્રી લોન આપવાની યોજના શરૂ કરી રહી છે, જે વિદ્યાર્થી અને તેના પરિવાર માટે ફાયદાકારક સાબિત થશે. એક સમય એવો હતો જ્યારે વિવેક ઓબેરોયે ઈર્ઁ ચૂકવવા માટે પસંદગી વગરની ફિલ્મો કરી હતી.

તાજેતરમાં એક ઈન્ટરવ્યુ દરમિયાન વિવેક ઓબેરોયે એજ્યુકેશન ફાઈનાન્સિંગ સ્ટાર્ટઅપ વિશે ચર્ચા કરી હતી. તેણે કહ્યું- મારી કંપની વિદ્યાર્થીઓને કોલેટરલ ફ્રી લોન આપશે, જેથી તે પોતાનું ભવિષ્ય સુધારી શકે. મારી કંપનીએ ૧૨,૦૦૦થી વધુ શાળાઓ, કોલેજો અને યુનિવર્સિટીઓ સાથે ભાગીદારી કરી છે. કંપની પાસે ૪૫ લાખ વિદ્યાર્થીઓનો ડેટા છે.

એજ્યુકેશન ફાઈનાન્સિંગ સ્ટાર્ટઅપ વિશે વાત કરતી વખતે, વિવેક ઓબેરોયે કહ્યું – આ સ્ટાર્ટઅપ સામાજિક પરિવર્તન લાવવામાં મદદરૂપ થશે. આ મારા માટે સકારાત્મક પહેલ છે. આ સ્ટાર્ટઅપ દ્વારા વિદ્યાર્થીઓ અને તેમના પરિવારો પર શિક્ષણના વધતા ખર્ચનો બોજ ઓછો થશે. કોલેટરલ ફ્રી લોન આપવાની સાથે અમારી કંપની આર્થિક રીતે નબળા વિદ્યાર્થીઓ માટે મોટો આધાર બની છે.

પોતાના કરિયરના શરૂઆતના દિવસોને યાદ કરતા વિવેક ઓબેરોયે કહ્યું- હું પણ આર્થિક સંકટમાંથી પસાર થયો છું. ઈર્ઁ ચૂકવવા અને યોગ્ય જીવનશૈલી જીવવા માટે, મને કેટલીક ફિલ્મો કરવાની ફરજ પડી જે મને પસંદ ન હતી.

વર્ક ફ્રન્ટની વાત કરીએ તો વિવેક ઓબેરોય ટૂંક સમયમાં 'મસ્તી ૪'નું શૂટિંગ શરૂ કરશે. આ સિવાય તે ટાઈગર શ્રોફ સાથે એક એક્શન થ્રિલર ફિલ્મમાં પણ જોવા મળશે. તાજેતરમાં જ એક્ટરે ફિલ્મ 'ગ્રે'નું શૂટિંગ પૂર્ણ કર્યું છે.

## ખ્યાતિકાંડ : રાજશ્રી કોઠારીની ધરપકડ

# હોસ્પિટલની મહિલા ભાગીદારને રાજસ્થાનથી ઝડપી લેવાઈ: હવે અનેક નવા ખુલાસા થવાની શકયતા

અમદાવાદ,તા.૧૫

ખ્યાતિકાંડ મામલે છેલ્લા એક મહિનાથી ફરાર હોસ્પિટલના પાર્ટનર એવી રાજશ્રી કોઠારીને અમદાવાદ ક્રાઈમ બ્રાંચે રાજસ્થાનથી ઝડપી પાડી હતી. રાજયભરમાં ચકચાર જગાવનારા ખ્યાતિકાંડ મામલે આ આઠમી ધરપકડ છે. અમદાવાદ ક્રાઈમ બ્રાંચ આ પહેલાં સાત આરોપીને ઝડપી ચૂકી છે.

ખ્યાતિકાંડ મામલે છેલ્લા એક મહિનાથી ફરાર આરોપી રાજશ્રી કોઠારી દ્વારા અમદાવાદ ગ્રામ્ય કોર્ટમાં આગોતરા જામીન અરજી કરવામાં આવી હતી, જે કોર્ટે ૫ ડિસેમ્બરે ફગાવી દીધી હતી.

ક્રાઈમ બ્રાન્ચનાં સૂત્રો પાસેથી મળતી માહિતી પ્રમાણે, છેલ્લા ઘણા સમયથી રાજશ્રી કોઠારી અને કાર્તિક પટેલને શોધવા માટે પ્રયાસ કરવામાં આવી રહ્યા હતા, જેમાં અલગ અલગ પક્ષો દ્વારા આગોતરા જામીનની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી.

બીજી તરફ રાજશ્રી કોઠારી ખ્યાતિ હોસ્પિટલમાં ડાયરેક્ટર તરીકે ફરજ બજાવતી હતી અને તે આ હોસ્પિટલના આખા કૌભાંડમાં કઈ રીતની સામેલ હતી એ અંગેની તપાસ હવે અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચ માટે મહત્ત્વની થઈ ગઈ છે.

રાજશ્રી કોઠારી આટલા સમય સુધી કોને મળી હતી અને તેને મદદ કરવા માટે ઘણા બધા લોકોએ પ્રયાસ કર્યો હોય એવું પણ અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચને જાણવા મળ્યું છે. તે છેલ્લા ઘણા સમયથી પોતાના કોન્ટેક્ટ બંધ કરીને રાજસ્થાનની અલગ અલગ જગ્યાએ ફરતી હોવાનું જાણવા મળ્યું છે.

આ સમગ્ર પ્રકરણમાં અગાઉ પણ જ્યારે આરોપીઓ પકડાયા ત્યારે પણ રાજશ્રી કોઠારીને એ વિશેની જાણ હતી કે આરોપીઓ પકડાયા છે, તેથી તેને બચવા માટે ઘણા લોકોએ મદદ કરી હોવાની અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચ અને શંકા છે. આ સમગ્ર મામલે હવે વધુ ખુલાસા થાય એવી શક્યતા છે.



**ખ્યાતિકાંડના ઝડપાયેલા આરોપીઓ**


ડો. પ્રશાંત વઝીરાણી
ચિરાગ હીરાસિંહ બગીસિંહ રાજપૂત
મિલિન્દ કનુભાઈ અમરતલાલ પટેલ
રાહુલ રાજેન્દ્રકુમાર શાંતિલાલ જૈન
પ્રતીક યોગેશભાઇ હીરાલાલ ભટ્ટ
પંકિલ હસમુખભાઈ મોહનભાઈ પટેલ
ડો. સંજય પટોળિયા
રાજશ્રી કોઠારી

## અમેરિકામાં ભારતીયો માટે જે-૧ વિઝાના નિયમમાં ફેરફાર

# હવે જે - ૧ વિઝા ધરાવતાં ભારતીયો ગ્રીન કાર્ડ અને એચ - ૧બી વિઝા માટે અરજી કરી શકશે

વોશિંગ્ટન,તા.૧૫

અમેરિકામાં કામ કરવાનું વિચારી રહેલાં ભારતીયો માટે વધુ એક રસ્તો ખુલ્યો છે. યુએસ સ્ટેટ ડિપાર્ટમેન્ટે જે-૧ વિઝાના નિયમોમાં મોટો ફેરફાર કર્યો છે. વિઝા નિયમોમાં સુધારા બાદ હવે ભારત, ચીન, દક્ષિણ કોરિયા, સાઉદી અરેબિયા અને યુએઈ સહિત ૩૪ દેશોનાં લોકોને જે-૧ વિઝા પર અમેરિકામાં કામ કરવાનો વિકલ્પ પણ મળશે. જો કે, નવાં વિઝા નિયમો જે-૧ વિઝા ધારકોને લાગું પડતાં નથી કે જેઓ સરકારી ભંડોળ અથવા ગ્રેજયુએટ મેડિકલ એજયુકેશન પ્રોગ્રામ દ્વારા યુએસ આવ્યાં હતાં. સરકાર દ્વારા 'એક્સચેન્જ વિઝિટર સ્કિલ લિસ્ટ'માં ફેરફાર કરવામાં આવ્યાં છે, જેનાં પછી જે-૧ વિઝા ધારકો એચ૧બી વિઝા મેળવી શકશે અને ગ્રીન કાર્ડ માટે પણ અરજી કરી શકશે. છેલ્લાં ૧૫ વર્ષમાં પ્રથમ વખત યાદીમાં ફેરફાર કરવામાં આવ્યો છે. એક્સચેન્જ વિઝિટર સ્કિલ્સ લિસ્ટ એ દેશો અને તેમનાં ચોક્કસ ક્ષેત્રો વિશે જણાવે છે, જે તેમનાં દેશોનાં વિકાસ માટે મહત્વપૂર્ણ છે. અગાઉ, સૂચિમાં સમાવિષ્ટ દેશોનાં જે-૧ વિઝા ધારકોએ તેમનો કાર્યક્રમ પૂર્ણ કર્યા પછી બે વર્ષ માટે તેમનાં દેશમાં જવું પડતું હતું. જો કે, નવાં ફેરફારો બાદ હવે માત્ર ૨૭ એવાં દેશો બચ્યાં છે, જેનાં જે-૧ વિઝા ધારકોએ બે વર્ષ માટે તેમનાં દેશમાં જવું પડશે. આ ફેરફારો વિશ્વનાં આર્થિક અને વિકાસનાં વલણોને પ્રતિબિંબિત કરે છે.



# કોરોના કાળમાં માસ્કકીટ ખરીદીમાં ૧૬૭ કરોડનું કૌભાંડ:ફરિયાદ દાખલ

બેંગલોર,તા.૧૫

કોરોના મહામારી દરમિયાન ગડબડ બદલ અનેક સરકારી અધિકારીઓ અને ખાનગી કંપનીઓ વિરુદ્ધ એફઆઈઆર નોંધવામાં આવી છે. કર્ણાટકમાં આ ગોટાળાને કારણે સરકારી તિજોરીને ૧૬૭ કરોડ રૂપિયાનું નુકસાન થયું હોવાનાં આક્ષેપો થઈ રહ્યાં છે.

તબીબી કર્મચારીઓ માટે પીપીઈ કીટ અને એન ૯૫ માસ્કની ગેરકાયદેસર ખરીદી સાથે સંબંધિત ચાર્જિસ છે. ડિરેક્ટોરેટ ઑફ મેડિકલ એજયુકેશનના ચીફ એકાઉન્ટ ઑફિસર ડો એમ વિષ્ણુપ્રસાદ દ્વારા દાખલ કરવામાં આવેલી ફરિયાદમાં ડીએમઈ ના ભૂતપૂર્વ ડિરેક્ટર અને કેટલીક ખાનગી કંપનીઓના મેનેજમેન્ટ સહિત અગ્રણી વ્યક્તિઓ સામે આક્ષેપો કરવામાં આવ્યાં છે.

પોલીસે તપાસ શરૂ કરી છે, પરંતુ તેમાં સામેલ કોઈ રાજકીય વ્યક્તિ કે ઉચ્ચ અધિકારીનું નામ નથી આપ્યું. જોકે, આમાં રાજકારણીઓની સંડોવણી હોવાની શક્યતાઓ વધુ હોવાનું કહેવાય છે.

ફરિયાદમાં આરોપ છે કે, ૨૦૨૦માં કોરોના સંકટ દરમિયાન, તબીબી શિક્ષણ વિભાગે આવશ્યક તબીબી પુરવઠો ખરીદતી વખતે કોઈપણ કાનૂની પ્રક્રિયાઓનું પાલન કર્યું ન હતું. ૧૮ ઓગસ્ટ, ૨૦૨૦ના રોજ, રાજ્ય સરકારે ૧૭ સરકારી કોલેજો અને એક સુપર-સ્પેશિયાલિટી હોસ્પિટલમાં ૨.૫૯ લાખ એન ૯૫ માસ્ક અને સમાન સંખ્યામાં પીપીઈ કીટ ખરીદવાની મંજૂરી આપી હતી, જેમાં આ ભ્રષ્ટાચાર થયો હતો.

સરકારી આદેશો હોવા છતાં અનેક સ્તરે ગડબડ જોવા મળી હતી. પીપીઈ કિટના સપ્લાય માટે ટેન્ડર પ્રક્રિયા પૂરી પાડવામાં આવી હતી, પરંતુ હોસ્પિટલોને સપ્લાય કરવામાં આવી ન હતી.




# સોનામાં સતત બીજા દિવસે ગાબડું: વધુ રૂ. ૭૫૦ નો ઘટાડો

(ગરવી તાકાત) અમદાવાદ તા.૧૫

સોના-ચાંદીમાં આજે ફરી ઘટાડો થયો છે. સોનામાં રૂા.૭૫૦ અને ચાંદીમાં રૂા.૩૪૦ નો ઘટાડો નોંધાયો છે. જેને પગલે સોનાનો ભાવ રૂા.૭૯૦૦૦ અને ચાંદીનો રૂા.૯૨૩૦૦ એ પહોંચ્યો છે.

રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાના ચાર ટકાથી વધુ હોઈ ટુંક સમયમાં રેટકટની શક્યતા વધી હતી જે જાહેરાત રિઝર્વ બેંકના ગર્વનરે કરી હતી. ભારતનું ઈન્ડસ્ટ્રીયલ પ્રોડકશન ઓકટોબરમાં સતત બીજે મહિને ૩.૫ ટકા વધ્યું હતું જે ઓકટોબરમાં ૩.૧ ટકા વધ્યું હતું.

યુરોપીયન સેન્ટ્રલ બેંકે ઈન્ટરેસ્ટ રેટમાં ૨૫ બેસીસ પોઈન્ટનો ઘટાડો કરીને બેન્ચમાર્ક ઈન્ટરેસ્ટ રેટને ત્રણ ટકાએ પહોંચાડયા હતા. યુરોપીયન સેન્ટ્રલ બેંકનો આ ચોથો રેટકટ હતો.

આ ઘટાડા પછી ૨૦૨૫માં જુન સુધી દરેક મિટિંગમાં ૨૫ બેસીસ પોઈન્ટનો રેટકટ આવવાની માર્કેટની ધારણા છે કારણ કે યુરો એરિયાનું ઈન્ફલેશન સેન્ટ્રલ બેંકના બે ટકાના ટાર્ગેટ નજીક પહોંચી ગયું છે.

કેનેડાની સેન્ટ્રલ બેંકે પણ ૫૦ બેસીસ પોઈન્ટનો રેટકટ કર્યો હતો જે સતત બીજે રેટકટ હતો. સ્વીત્ઝરલેન્ડની સેન્ટ્રલ બેંકે પણ બેન્ચમાર્ક ઈન્ટરેસ્ટ રેટમાં ૫૦ બેસીસ પોઈન્ટનો ઘટાડો કર્યો હતો જે સતત ચોથો ઘટાડો હતો.

અમેરિકાનું ઈન્ફલેશન નવેમ્બરમાં સતત બીજે મહીને વધતા ૨૦૨૫માં ફેડના રેટકટની સંભાવના ધુંધલાતી બનતા સોનુ સતત પાંચ દિવસ વધ્યા બાદ ગુરૂવારે વર્લ્ડ માર્કેટમાં ઘટયુ હતું. સોનુ ઘટીને ૨૪૪૯ ડોલર થયુ અને ચાંદી ૩૦.૫૯ થયુ છે. ચીનના અગ્રેસીવ સ્ટીમ્યુલેસ પેકેજની ધારણા હોય ચાંદીમાં ડિમાન્ડ વધતા મજબૂતી વધી છે.



## રાજકોટ જિલ્લાના ૧.૨૩ લાખ ઉજજવલા લાભાર્થીઓને ૧ ગેસ સિલિન્ડર રીફીલિંગનો લાભ મળશે

રાજકોટ તા.૧૫

રાજકોટ કલેકટર કચેરી ખાતે જિલ્લા પુરવઠા અધિકારીની અધ્યક્ષતામાં ગેસ એજન્સી એસોસિયેશનના પ્રમુખ તેમજ રાજકોટ ખાતેના ઓ.એમ.સી જેમકે આઈ.ઓ.સી.એલ, બી.પી.સી.એલના અધિકારીઓ સાથે પ્રધાનમંત્રી ઉજજ્વલા યોજના અંગેની ઓક્ટોબર ૨૦૨૪ થી ડિસેમ્બર ૨૦૨૪ના બીજા કવાર્ટરમાં મળવાપાત્ર વિનામૂલ્યે એક ગેસ સિલિન્ડર રિફિલિંગના લાભ આપવાની કામગીરી અંગે સમીક્ષા બેઠક યોજાઇ હતી.

બેઠકમાં વર્ષ ૨૦૨૪માં એપ્રિલ થી જુન દરમિયાનના પ્રથમ ક્વાર્ટરમાં રાજકોટ જિલ્લાના ૧,૩૨,૩૦૪ લાભાર્થીઓને ફ્રી ગેસ રીફીલિંગની સુવિધા આપવામાં આવી છે તથા ઓક્ટોબર થી ડિસેમ્બરના બીજા ક્વાર્ટરના ફ્રી રીફીલિંગની સુવિધામાં રાજકોટ જિલ્લાના ૧,૨૩,૬૧૮ લાભાર્થીઓ પાત્રતા ધરાવે છે. જેમને ચાલુ માસ દરમિયાન સમયમર્યાદામાં લાભ મળી રહે તે માટે જિલ્લા પુરવઠા અધિકારીએ તાકીદ કરી હતી.



# આજે માગશર વદ એકમ આદ્રા નક્ષત્રમાં દક્ષિણ ગુજરાતમાં વલસાડથી પાંચ કી.મી.ના અંતરે આવેલ તડકેશ્વર મહાદેવનો મહિમા જાણીએ



**યશપાલસિંહ ટી.વાઘેલા**
દરબાર ગઢ થરા

પવિત્ર શ્રાવણ માસમાં આપણે શિવ મહિમાનું રસપાન કરીએ છીએ.પરંતુ આજે માગશર વદ એકમને સોમવાર દિવસે અચાનક તડકેશ્વર મહાદેવને યાદ એટલા માટે કર્યા કે ગઈકાલથી ધનારક કમૂર્તા શરૂ થયા છે તો આજે તારીખ ૧૬/૧૨/૨૦૨૪ સોમવારનાં રોજ માગશર માસનું મહાન આદ્રા નક્ષત્ર છે, આ ખૂબ જ મહત્વનો દિવસ છે,આ દિવસે ભગવાન શિવ ભગવાન બ્રહ્માજી અને વિષ્ણુજી સમક્ષ લિંગ સ્વરૂપે પ્રગટ થયા હતા અને એ દિવસે લિંગની સૌપ્રથમ પૂજા ભગવાન બ્રહ્માજી અને વિષ્ણુજીએ કરી હતી, એ દિવસથી જ ભગવાન શિવના લિંગ સ્વરૂપની પૂજા શરૂ થઈ.આ વખતે આ નક્ષત્ર તારીખ ૧૬/૧૨/૨૦૨૪નાં છે,માટે બધા એ શિવ પૂજા કરવી, શિવ દર્શન કરવા મંદિરે જવું,આ દિવસે શિવલિંગના દર્શનનું કહી જ ના શકાય એટલું મહત્વ છે,

બની શકે તો સમગ્ર શિવ પૂજા અર્ચના કરવી, આરતી કરવી, મહાદેવને પ્રસાદી અર્પણ કરવી અને મંદિરમાં ૧૧, ૨૧, ૫૧ કે ૧૦૮ દિપ અવશ્ય પ્રગટાવવા,

આ દિવસે દિપ પ્રગટાવવાનું પણ ખૂબ જ મહત્વ છે.આ દિવસે શિવલિંગની પૂજા કરવાથી સો મહાશિવરાત્રીની પૂજાનું ફળ પ્રાપ્ત થાય છે, માટે બધાએ આ દિવસે અવશ્ય શિવ દર્શન પૂજન કરવું અને બધાને આ મહાન આદ્રા નક્ષત્ર વિશે જાણ કરવી આ દિવસનું ખૂબ જ મહત્વ છે, આની જાણ તમારાં દ્વારા જેટલાં લોકોને મળશે એટલી ભોળિયા નાથ એવા મહાદેવની કૃપા તમારાં પર વધારે થશે.આપણે દરરોજ એક મંદિરે દર્શન કરી હિંદુત્વનીભાવના ને ઉજાગર તો કરીએ. પૃથ્વી લોક પર ભગવાન સદાશિવ ભોળાનાથ અજન્મા દેવ છે એટલે જ ભગવાન શિવનું સ્થાપન લિંગ સ્વરૂપે થાય છે. ભગવાન શિવ તો એવા દેવ છે કે જેમણે હંમેશા માણસોની વસ્તી થી અલગ અને એકાંત જગ્યા વધારે પસંદ કરી છે. તેવી જ રીતે તેમના શિવાલયો પણ જંગલ અથવા તો ગામથી થોડા દુર જોવા મળે છે.મહાદેવનાં શણગાર તથા પૂજન વિધિમાં પણ જંગલની કુદરતી વસ્તુઓનો જ ઉપયોગ જોવા મળે છે. જેમાં વનનાં ફુલો ધતુરો,બીલીપત્ર, રૂદ્રાક્ષ શણગાર તરીકે,શરીર ઉપર ભસ્મનું લેપન, વાહનમાં પોઠીયો, વગાડવામાં ડમરૂં, શરીરે જટાજુટ સર્પોની માળા અને પોશાકમાં હાથી કે વાઘનું ચામડું હોય છે. પૂજન વિધિર્મા પાણીનો લોટો અને થોડા બીલીપત્રનાં પાન શિવને આમ તો મંદિરની પણ જરૂર નથી,પથ્થરનાં ઓટલે, ઝાડ ની નીચે,ડુંગરની ટોચે પણ ભોળા નાથ બીરાજી જાય છે. ત્યારે આજે તડકેશ્રર મહાદેવ તીર્થનો મહીમા જાણીએતડકેશ્રર મહાદેવ મંદિરની ખાસિયત એ છે કે મંદિર ઉપર કોઈ છત નથી તેમજ સૂર્યના કિરણો શિવલિંગ ઉપર પડે છે. જેના કારણે સૂર્યના કિરણો સતત શિવલિંગને સ્પર્શ કરતાં હોવાથી તે તડકેશ્વર મહાદેવના મંદિર તરીકે પ્રસિધ્ધ છે. ૧૯૯૪માં જીર્ણોદ્ધાર કરી ૨૦ ફૂટની ગોળાઈ નો ઘુમ્મટ ખુલ્લો બનાવાયો. સ્વયંભૂ પ્રગટેલા શિવલિંગ ના દર્શનાર્થે લોકોની ભારે ભીડ રહે છે. મહાશિવરાત્રિએ અને આમ તો બારેમાસ ભક્તો દૂર દૂરથી દાદા ના દર્શનાર્થે આવે છે. તડકેશ્વર મહાદેવનો મહિમા કંઈક આવો છે તો આવો તડકેશ્રર મહાદેવના કલમ કાગળ થકી દર્શન કરીએ.


વલસાડના પરા વિસ્તાર અબ્રામા ગામે વાંકી નદીના કિનારે તડકેશ્વર મહાદેવનું અતિ પ્રાચીન શિવાલય આવેલું છે.આશરે આઠસો વર્ષ પુરાણા આ શિવાલયનીપૌરાણિક ગાથા અનોખી અને અલૌકિક છે. વર્ષો પહેલાં અહિંના જંગલમાં ગાયો ચરાવતા નિર્દોષ ગોવાળિયા એ એક ગાયને સ્વયંભૂ દૂધની ધારા વહાવતી જોઈ તો તે વિસ્મય પામ્યો હતો. ગામલોકોને જાણ કરતાં તેઓએ તે જગ્યા પર તપાસ કરતાં એક મોટી પથ્થરની શિલા નજરે પડે હતી.ત્યારબાદ આ શિલા પર એક ભક્ત રોજ આવીને દૂધનો અભિષેક કરી જતો હતો.ભોળા શિવજીએ તેને સ્વપ્ન માં આવી જણાવ્યું કે,તું રોજ આ ઘોર જંગલમાં આવીને મારી પૂજા-અર્ચના કરે છે, તારી નિષ્ઠા અને અનન્ય ભક્તિ થી હું પ્રસન્ન થયો છું.હવે મને આ કાદવ કીચડમાંથી બહાર કાઢી યોગ્ય જગ્યાએ લઈ જઈ પૂજન કરજે.ભક્તની લાગણીને માન આપી ગામલોકો એ શિલાની આસપાસ ખોદકામ કરતાં સૌના આશ્ચર્ય વચ્ચે છ થી સાત ફૂટ લંબાઈ ઘરાવતું પોઢેલા શિવ જેવા આકારનું લિંગ નજરે પડ્યું હતું. ખૂબ જ સાવચેતીપૂર્વક લિંગ ખંડીત ન થાય તે રીતે ખોદ કામ પૂર્ણ કરાયું હતું.બળદગાડા માં શિલાને લાવી આજના સ્થળે તેમની પ્રાણ પ્રતિષ્ઠા કરાઈ હતી.

તડકેશ્વર મહાદેવ શા માટે મંદિર પર કોઈ છત નથી?

શિવલિંગના રક્ષણ માટે કામ ચલાઉ દિવાલ અને ઉપર ઘાસનું છાપરું બનાવાયું હતું. પરંતુ થોડા દિવસમાં આ છાપરું અચાનક સળગી ગયું હતું.બાદમાં નળિયા વાળું છાપરું બનાવાયું તો તે વાવાઝોડાથી ઉડી ગયું હતું. વારંવાર બનતી આ ઘટના બાદ શિવભક્તને સ્વપ્ન આવ્યું કે હું તડકેશ્વર છું,મારા શીરે કોઈ છાપરું બાંધવાનો પ્રયત્ન ન કરશો ગામલોકોએ ભક્તની વાત સાચી માનીને ચારેબાજુ દિવાલ કરી દરવાજા બનાવ્યા પણ ઉપરથી ખૂલ્લું જ રાખ્યું હતું. શ્રાવણમાં એક લાખથી વધુ ભક્તો દર્શનાર્થે આવે છે

તડકેશ્વર મહાદેવના મંદિરે દર શ્રાવણ માસ દરમિયાન ભક્તોની ભારે ભીડ રહે છે. શ્રાવણના ચાર સોમવારે દશ હજારથી વધુ શિવ ભક્તો ભોળાનાથને શિશ નમાવવા આવે છે.તડકેશ્વર દાદા ના દર્શનાર્થે એનઆરઆઈ ભક્તો અચૂક દર્શનનો લાભ લે છે. શ્રાવણ માસમાં દર સોમવારે તડકેશ્વર મહાદેવ મંદિરે વિશાળ મેળો ભરાય છે. જેમાં દૂર દૂરથી લોકો લકઝરીબસ તેમજ ખાનગી વાહનોમાં આવે છે.દાદાનો મહિમા અપરંપાર અને શ્રધ્ધાભેર હોવાથી ભક્તોની ભીડ મોટી સંખ્યામાં ઉમટી પડે છે. આસપાસના જોવાલાયક સ્થળો કલ્યાણ બાગ,જલારામ મંદિર વગેરે જોવાલાયક સ્થળો આવેલાં છે. વલસાડથી ૫ કિમીના અંતરે દરિયાકિનારે પ્રખ્યાત હવા ખાવાનું સ્થળ તિથલ તેમજ ૩ કિમીના અંતરે પારનેરાનો કિલ્લો જોવા લાયક સ્થળો આવેલાં છે.

આજે માગશર વદ એકમ શિવાલયમાં લોકો વારે તહેવારે જ આવે છે. સમય કયાં છે. પવિત્ર માગશર માસમાં એક હિન્દુ તરીકે સંકલ્પ કરીએ કે હું એક ટાઈમ એટલે સવારે કે સંધ્યાકાળે જયાં હોઈશ ત્યાંના નજીકના એક મંદિર કે શિવાલયમાં જઈશ. આજ શ્રેષ્ઠ ઉપાસના આરાધના અભિષેક કર્યો કહેવાશે.સદા શિવ ભોળાનાથ દેવાધિદેવ મહાદેવ સૌનું કલ્યાણ કરે.



## ઉત્તર ગુજરાત ટ્રક એસોસિએશનની બેઠક બાયપાસ હાઈવે ઉપર ટોલ ટેક્સના વિરોધમાં મળી

# ટોલ ઉઘરાવતી કંપનીએ સરકારે પાસે ૨૦૪૦સુધી ટોલ ટેક્સ ઉઘરાવવાની મંજુરી માંગતા ટ્રાન્સપોર્ટ માલિકો આગ બબૂલા

(ગરવી તાકાત) મહેસાણા તા.૧૫

આજે ઉત્તર ગુજરાત ટ્રક.એસોસિએશન ની બેઠક મહેસાણા બાયપાસ હાઈવે ઉપર મળી હતી. ઉત્તર ગુજરાતમાં મહત્વના મહેસાણા-અડાલજ અમદાવાદ ટોલ રોડ તેમજ વડોદરા -હાલોલ ટોલ ઉપર લેવામાં આવતા ટોલ ટેક્ષના વિરોધમાં બેઠક યોજવામાં આવી હતી. વર્ષ ૨૦૦૨ બાદ બનાવવામાં આવેલા મહેસાણા-અડાલજ ટોલ રોડ અંદાજે ૫૦૦ કરોડમાં ટોલ રોડ બન્યા હતા અને અત્યાર સુધીમાં મતલબ કે ૨૨ વર્ષમાં ૩૦૦૦ કરોડથી ટોલ ઉઘરાવી લેવામાં આવ્યો છે. તેમ છતાં આ ટોલ રોડ ઉપર ટોલ ટેક્ષ ઉઘરાવવાનું ચાલુ છે.તો બીજીતરફ ટોલ ઉઘરાવતી ખાનગી કંપનીએ સરકાર પાસે ૨૦૪૦ સુધી ટોલ ટેક્ષ ઉઘરાવવાની મંજૂરી માંગી છે. ટોલ ઉઘરાવવાની મુદત ૨૦૩૦ સુધી હોવા છતાં ટોલ કંપનીએ ૨૦૪૦ સુધી ટોલ ઉઘરાવવાની મંજૂરી માંગતા ટ્રાન્સપોર્ટ એસોસિએશનમાં આક્રોશ અને વિરોધ વ્યાપી ગયા છે. આથી ટ્રાન્સપોર્ટ માલિકો ૨૧ ડિસેમ્બરના રોજથી ટોલ રોડના બદલે વૈકલ્પિક રોડનો ઉપયોગ કરી વિરોધ નોંધાવશે અને તેના કારણે કોઈ પણ પ્રકારની સમસ્યા સર્જાશે. તો જવાબદારી સરકારની રહેશે ના નીર્ધાર સાથે ટ્રાન્સપોર્ટ માલિકો ટોલ રોડ સામે વિરોધ નોંધાવશે.



મુકેશ દવે અખિલ ગુજરાત ટ્રક ટ્રાન્સપોર્ટ એસોસિએશન કાર્યકારી અધ્યક્ષએ જણાવ્યું કે, ગુજરાતની અંદર રાજ્ય સરકાર હસ્તકના પ્રાઈવેટ કંપનીને સોંપેલાં બે રોડ બાબતે સરકારને અનેકવાર રજુઆત કરેલ છે. બરોડા હાલોલ રોડ અને અડાલજ મહેસાણાનો રોડ ૨૦૦૧ અને ૨૦૦૩થી બનેલા રોડ પર ટોલનું ઉઘરાનું એ સમયથી ચાલી આવ્યું છે. આર ટી આઈ કરી બેલેન્સ સીટમાંથી વિગતો મેળવી અમને જાણકારી મળી કે, ૨૦૨૪ સુધી આ રોડ બને ૨૩ વર્ષ થઈ ગયા આ રોડ ૫૦૦ કરોડમાં બન્યા છે.અત્યાર સુધીમાં ૩ હજાર કરોડ રૂપિયા ઉઘરાવી ચુક્યા છે. છતાં હજુ ટોલ ઉઘરાવવાનું ચાલુ છે. બન્ને રોડ પર એકજ કંપની ટોલ ઉઘરાવે છે.આ કંપનીએ સરકાર માં રજુઆત કરી છે કે અમારે હજુ ૧૯૦૦ કરોડ ઉઘરાવવા ના બાકી હોવાથી ૨૦૩૦ સુધીની જે મુદત છે.એને ૧૦ વર્ષ વધારી ૨૦૪૦ સુધી કરી આપવા રજુઆત કરવામાં આવી છે.ટોલ નેટવર્ક ભારતમાં છે. હજુ ૨૦૪૦ સુધીમાં આવા પૈસા ભરવાના હોઈ તો આ વિસ્તાર ના જે ટ્રાન્સપોર્ટ છે એમના ખિસ્સામાંથી પૈસા ખખેરવા નું કામ ખાનગી કંપની કરી રહી છે. અમે આ રોડનો આગામી સમયમાં બહિષ્કાર કરવાના છીએ.આવા રોડનો ઉપયોગ નહિ કરવામાં આવે.અમારે હડતાળ કે કોઈ તોફાન કરવા નથી પણ હવે આ રોડ પર અમે પૈસા ભરવાના નથી ૨૧ મી ડિસેમ્બર થી આવા રોડનો બહિષ્કાર કરવામાં આવશે.અમે અન્ય રોડનો ઉપયોગ કરશું.

## કડકડતી ઠંડીમાં વહેલી સવારથી જ યાત્રાધામનાં વિવિધ મંદિરોમાં ભક્તોની ભીડ

# પવિત્ર યાત્રાધામ ઢીમામાં માગસર પૂર્ણિમાએ કડકડતી ઠંડીમાં શ્રદ્ધાળુઓનું ઘોડાપુર

## યાત્રાધામમાંઠેર ઠેર ટ્રાફિકથી પોલીસની કામગીરી સામે લોકોમાં ભારે રોષ ફેલાયો







(તસ્વીર-અહેવાલ : ભરત ચૌધરી,વાવ)

(ગરવી તાકાત) વાવ તા.૧૪

યાત્રાધામ ઢીમા ધામ ખાતે માગશર પૂર્ણિમાએ ભવ્ય પાંચ દિવસય લોકમેળો ભરાયો હતો. જેમાં માગશર પૂર્ણિમાએ લોકમેળો નિર્વિઘ્ને સમપન્ન થયો હતો. યાત્રાધામ ઢીમામાં શ્રી ધરણીધરજી ભગવાન અને શ્રી ઢીમણનાગ મંદિરે વહેલી સવારથી જ શ્રધ્ધાળુઓની ભારે ભીડ જોવા મળી હતી.વહેલી સવારથી જ કડકડતી ઠંડી વચ્ચે પણ શ્રદ્ધાળુઓનો અવિરત પ્રવાહ યાત્રાધામ ઢીમાનાં વિવિધ મંદિરોમાં વહેલી સવારથી જ ભક્તોની ભીડ જોવા મળી હતી.

ચાર ધામની યાત્રાઓ કર્યા પછી ઢીમા ધરણીધર ભગવાનનાં દર્શન વિના ચાર ધામની યાત્રા અધૂરી ગણાય છે.યાત્રાધામ ઢીમા ધામએ બનાસકાંઠા જિલ્લાનું ઐતિહાસિક અને બીજા નંબરનું યાત્રાધામ ઢીમા ગણાય છે ત્યારે દર પૂનમે પાંચ દિવસીય ભવ્ય લોક મેળો ભરાય છે. લાખો ભાવિક ભક્તો દર્શન કરી ધન્યતા અનુભવે છે.



### યાત્રાધામ ઢીમા બસ સ્ટેશન પર ખાનગી વાહનોનો રાફડો, એસટી વિભાગને નુકશાન

**યાત્રાધામ ઢીમામાં ખાનગી વાહનચાલકો ભગવાનનાં મંદિર અને ગ્રામપંચાયત સુધી પ્રાઈવેટ વાહનો લઈને આવતા હોવાથી ઠેર ઠેર ટ્રાફિક થાય છે.અને બસસ્ટેશન એસટી ટ્રાફિકને કારણે આવતી નહીં હોવાને કારણે એસટી નિગમની આવકને પણ નુકશાન થાય છે. અને અવ્યવસ્થા સર્જાય છે. ઢીમા ચાર રસ્તાથી ગામ સુધી એક કિલોમીટર ટ્રાફિકની સમસ્યાને લઇને સ્થાનિક પોલીસની કામગીરીની લઈને અનેક સવાલો શ્રધ્ધાળુઓમાં ઊભા થયા હતા અને લોકોમાં ભારે રોષ ફેલાયો હતો.**

## માગશર સુદ પૂનમે શક્તિપીઠ અંબાજી મંદિરમાં શ્રદ્ધાંનો સાગર છલકાયો

# મંગળા આરતીમાં મોટી સંખ્યામાં ભક્તો જોડાયા, મંદિર પરિસરમાં 'ભક્તિમય' માહોલ છવાયો

(ગરવી તાકાત) અંબાજી તા.૧૫

શક્તિ, ભક્તિ અને આસ્થાનો ત્રિવેણી સંગમ ગણાતું મા જગતજનની અંબાનું મંદિર વિશ્વવિખ્યાત છે. મા અંબાનું આ શક્તિપીઠ ગોલ્ડન ટેમ્પલ તરીકે પણ ખ્યાતિ ધરાવે છે. કરોડો લોકોનો આસ્થાનું કેન્દ્ર ગણાતું મા જગતજનની અંબાના મંદિરે દરરોજ હજારોની સંખ્યામાં માઈભક્તો મા અંબાના દર્શનાર્થે આવે છે. યાત્રાધામ અંબાજી ખાતે કોઈપણ ઉત્સવ કે પર્વ નિમિત્તે મોટી સંખ્યામાં ભક્તોનો ઘસારો થાય છે. આજે પૂનમને લઈ યાત્રાધામ અંબાજી મંદિર વહેલી સવારેથી માઈભક્તોથી ઉભરાયું હતું.

આજે માગશર સુદ પૂનમે અંબાજી મંદિરમાં ભક્તોની ભારે ભીડ જોવા મળી હતી. આજે વેહલી સવારથી અંબાજી મંદિરમાં ભક્તોનું ઘોડાપૂર ઉમટ્યું હતું. મોટી સંખ્યામાં ભક્તો મા જગતજનની જગદંબાના દર્શન કરવા



આવી રહ્યા છે. ભારે ઠંડીમાં પણ ભક્તો દૂર દૂરથી મા અંબાના દર્શને પહોંચ્યા છે. માગશર સુદ પૂનમે આજે સવારે મંગલા આરતીમાં પણ ભક્તોની ભારે ભીડ જોવા મળી હતી. અંબાજી મંદિરમાં સિદ્ધિ વિનાયકની આરતી બાદ માતાજીની આરતી થાય છે. ત્યાર બાદ માતાજીની આરતી પૂર્ણ થયા બાદ અંબિકેશ્વર મહાદેવની આરતી થાય છે. દર પૂનમે ભક્તો મોટી સંખ્યામાં માતાજીના મંદિરે આવતા હોય છે. ત્યારે આજે પણ માગશર સુદ પૂનમ હોવાના લીધે દૂર દૂરથી ભક્તો પૂનમ ભરવા આવ્યા હતા.


## ત્રણ દિવસ બાદ યુવકનો મૃતદેહ મળ્યો

# થરાદ પાસેથી પસાર થતી નર્મદાની મુખ્ય કેનાલમાંથી જમડા પુલિયા પાસેથી ફાયર ટીમને યુવકનો મૃતદેહ મળ્યો

(ગરવી તાકાત) થરાદ તા.૧૫

થરાદ પાસેથી પસાર થતી નર્મદાની મુખ્ય કેનાલમાં વહેલી સવારે ફાયર ટીમને એક યુવકનો મૃતદેહ કેનાલમાં હોવાની જાણ થતાં તાત્કાલિક કેનાલ પર પહોંચી કડકડતી ઠંડીમાં ફાયર ટીમે યુવકનો મૃતદેહ બહાર કઢાયો હતો. યુવક બે દિવસ પહેલા કેનાલમાં પડ્યો હતો જેને ફાયર ટીમે શોધખોળ કરી હતી. જેના બાદ આજરોજ વહેલી સવારે ફાયર ટીમે યુવકનો મૃતદેહ બહાર નીકળી તેના વાલીવારસોને જાણ કરી હતી.

બનાસકાંઠા જિલ્લાના સરહદી પંથકમાં લોકોના જીવા દોરી સમાન પસાર થતી નર્મદાની કેનાલ મોતની બની ગઈ છે. ગતરોજ એક યુવાન ગાડી સાથે કેનાલમાં પડતાં યુવકનું મોત નિપજ્યું હતું. ત્યારે ગતરોજ બિયોકનો યુવક કેનાલમાં પડ્યો હોવાથી ફાયર ટીમે બે દિવસ



શોધખોળ કરી હતી. છતાં યુવક મળી આવ્યો ન હતો. જેના બાદ આજરોજ સવારે સવારે જમડા પુલિયા પાસેથી યુવકનો મૃતદેહ ફાયર ટીમે બહાર કાઢ્યો હતો.

જેના બાદ યુવકની ઓળખ માટે તેના વાલીવારસોને જાણ કરતાં યુવક બિયોક ગામનો હોવાનું જાણવા મળ્યું હતું અને તેના વાલીવારસોને સોંપવામાં આવ્યો હતો.

ફાયર ઓફિસર વિરમજી રાઠોડે જણાવ્યું હતું કે, બે દિવસ પહેલા એક યુવક બિયોક ગામનો કેનાલમાં પડ્યો હોવાનો કોલ અમને આવતાં એની શોધખોળ હાથધરી હતી. બે દિવસની શોધખોળ બાદ યુવક કેનાલમાંથી મળી આવ્યો ન હતો. ત્યારે આજરોજ વહેલી સવારે થરાદ તાલુકાની મુખ્ય નર્મદા કેનાલ જમડા પુલ પાસે કોઈ અજાણ્યા યુવકની ડેડબોડી હોવાનો કોલ થરાદ નગરપાલિકા ફાયર બ્રિગેડને મળતા તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ડેડબોડી કેનાલ બહાર નીકાળેલ અને તેની અને તેની ઓળખ માટે ફોટાઓ વાઈરલ કરતાં યુવક બિયોક ગામનો હોવાનું જાણવા મળ્યું હતું. જેને પગલે તેના વાલીવારસોને કેનાલ પર પહોંચી ગયા હતા અને યુવકના મૃતદેહને તેના વાલીવારસોને સોંપવામાં આવ્યો હતો.

## સંક્ષિપ્ત સમાચાર

### વિજ્ઞાન મેળામાં બાળ વૈજ્ઞાનિકોની કૃતિ નિહાળી સૌ કોઈ અભિભૂત



(તસ્વીર-અહેવાલ : ભરત ચૌધરી,વાવ)

(ગરવી તાકાત) વાવ તા.૧૫

દૈયપ ઢાણી શાળાએ આ વર્ષે શ્રી જી. વી. વાઘેલા કોલેજ વખા,દિયોદર મુકામે યોજાયેલ ગણિત વિજ્ઞાન પ્રદર્શન(૨૦૨૪/૨૫)માં પશુઓમાં જોવા મળતા સામાન્ય રોગોનો ઘરગથ્થુ ઉપાય કરતી કૃતિ રજૂ કરી હતી જેનો વાવ તાલુકામાં પ્રથમ વિભાગમાં પ્રથમ નંબર આવતા જિલ્લા કક્ષાએ રજૂ કરવામાં આવી તે કૃતિને જોઈ સૌ કોઈ અભિભૂત થઈ ગયા અને માર્ગદર્શક શિક્ષક શ્રી ભરતકુમાર એલ ચૌધરીએ જણાવ્યું કે પશુઓના આરોગ્યની ચિંતા કરવી એ પણ જરૂરી છે.સાથે સાથે છેવાડા ના વિસ્તારોમાં જ્યાં જડપી સારવાર ઉપલબ્ધ નથી.ત્યાં આ ઘરગથ્થુ ઉપાયો ઉપયોગી નીવડશે. છે કૃતિ તૈયાર કરેલ બાળ વૈજ્ઞાનિકો ચૌધરી કૌશિકભાઈ જોગાભાઈ, પરમાર મિતુલભાઈ નરસિંહભાઈ અને દૈયપ ઢાણી પ્રાથમિક શાળાના શિક્ષક ભરતકુમાર એલ ચૌધરીના ઉમદા અને સર્જનાત્મક પ્રયાસોથી શાળાની પ્રગતિ વધે અને તેઓ ઉતરોતર પ્રગતિ કરી આગળ વધતા રહે તેવી શુભેચ્છા વિધાનસભાના અધ્યક્ષ શ્રી શંકરભાઈ ચૌધરી સાહેબ, દિયોદરના ધારાસભ્ય શ્રી કેશાજી ચૌહાણ સાહેબ, ડાયટ પ્રાચાર્ય શ્રી ડો. ડી .આર. બ્રાહ્મણ સાહેબ દ્વારા પાઠવવામાં આવી.

### ખેડબ્રહ્માથી હડાદ સુધી રેલવે ટ્રેક લંબાવવા, વંદેભારત ટ્રેન શરૂ કરો



(ગરવી તાકાત) હિંમતનગર તા.૧૫

સાબરકાંઠા જિલ્લામાં કર્યા કાર્યાન્વિત સુવિધા અપગ્રેડેશનના બે પ્રોજેક્ટ અંગે રેલ મંત્રીને મળીને હિંમતનગર ખેડબ્રહ્મા રેલ્વે ટ્રેકને હડાદ સુધી લંબાવવા અને અસારવા- ઉદેપુર વિદ્યુતિકરણ કામગીરી પૂર્ણતાની આરે છે. ત્યારે મુંબઈ, દિલ્હી રેલ કનેક્ટિવિટી અને વંદેભારત ટ્રેન શરૂ કરવા તથા અમદાવાદ- હિંમતનગર સવાર- સાંજ નવી ટ્રેન શરૂ કરવા રજૂઆત કરી હતી.

જેમાં અસારવા- ઉદેપુર વચ્ચે રેલ યાતાયાત શરૂ થઈ ગઈ છે અને નવનિર્મિત રેલ્વે ટ્રેકની વિદ્યુતિકરણ કામગીરી પૂર્ણ થઈ ગઈ છે અને સીઆરએસ બાદ આ ટ્રેક પર ઈલેક્ટ્રિક ટ્રેન દોડાવવાનું કાઉન્ટડાઉન ચાલુ થઈ ગયું છે. જ્યારે હિંમતનગર ખેડબ્રહ્મા રેલ્વે ટ્રેક બ્રોડગેજ કરવાની કામગીરી પૂરજોશમાં ચાલી રહી છે. સાંસદ શોભનાબેન બારૈયાએ જણાવ્યું કે કેન્દ્રીય રેલ મંત્રી અશ્વિની વૈષ્ણવને રૂબરૂ મળી રેલ્વેને લગતા પ્રશ્નો અંગે રેલ સુવિધા અપગ્રેડેશન માટે ચર્ચા કરી હતી. હિંમતનગરથી ખેડબ્રહ્મા રેલ્વે ટ્રેકનું કામ ચાલી રહ્યું છે તેને હડાદ સુધી લંબાવવામાં આવે તો પ્રસિદ્ધ યાત્રાધામ અંબાજી સુધી પહોંચવામાં યાત્રાળુઓને અનુકૂળતા બની રહે તેમ હોવા અંગે અને પોશીના, વિજયનગર, ખેડબ્રહ્મા તાલુકાના અંતરીયાળ વિસ્તારના નાગરિકોનું દિલ્હી, મુંબઈ, અમદાવાદ સાથે સીધું જોડાણ થઈ શકે તેમ હોવા અંગે રજૂઆત કરી અસારવા- ઉદયપુર વિદ્યુતિકરણ કામ પૂર્ણ થઈ ગયું હોઈ દિલ્હીથી અજમેર ઉદયપુર હિંમતનગર અમદાવાદ વંદેભારત ટ્રેન શરૂ કરવા માંગ કરી હતી.

### મંદિરે પૂજા કરીને પરત ફરતી મહિલાને કાળકા માતાજીના ભકતો કહીને ભોળવી

(ગરવી તાકાત) પાલનપુર તા.૧૫

પાલનપુરના એગોલા રોડ પર મહાદેવની પૂજા કરીને પરત ફરતી મહિલાને અજાણ્યાં શખસોએ કાળકા માતાજીના ભકતો કહીને ભોળવી નાખી હતી. ગઠિયાએ મહિલાના માથે હાથ મકતા મહિલાએ પોતાના દાગીના નીકાળી આપી દીધા હતા. થોડી વાર બાદ છેતરાઈ હોવાનો અહેસાસ થતાં મહિલા રિક્ષા ભાડે કરીને ગઠિયાઓને શોધવા નીકળી પણ કોઈ મળ્યું નહી.આ અંગે મહિલાએ પાલનપુર પશ્ચિમ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી.

પાલનપુર એગોલા રોડ પર આવેલા આકાશ બેંગ્લોઝમાં રહેતા શારદાબેન દોલતભાઈ જીવરાજભાઈ માળી શુક્રવારે સવારે ગોલ્ડન પાર્ક સોસાયટીમાં આવેલા શંકર ભગવાનના મંદિરમાં પુજા કરીને પરત ફરતા હતા. ત્યારે રસ્તામાં અજાણ્યા બે એક્ટિવા સવાર શખસોએ મહિલાને રોકી વાતોમાં ઉલજાવી પોતે કાળકા માતાજીના ભકતો કહી મહિલાના માથામાં હાથ મુકતા તેમને પહેરેલા સોના દાગીના આપી દેતાં તેઓ રફુચક્કર થઈ ગયા હતા. બાદમાં મહિલા છેતરાઈ હોવાની જાણ થતાં અજાણ્યા શખસોને શોધવા રિક્ષા ભાડે કરીને નિકળ્યા હતા. પરંતુ કોઈ મળ્યું નહતું. જેથી મહિલાએ શનિવારે પાલનપુર પશ્ચિમ પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ઘટના સ્થળનાં સીસીટીવી ફૂટેજ જોઈ કાળો જાદુ કરી લોકોના દાગીના પડાવતી ગેંગને ઝડપી લેવા ચક્રોગતિમાન કર્યા હતા.

Volume : 10 Issue : 255 Owner, Publishers, Printer & Editor : Prakashbhai R. Chaudhary, At: 5, Sarsavati Society, Nagalpur Highway Road, Mehsana- (N.G) 384002
Place Of Publication : 9, Ambica Complex, S.T. Work Shop Road Near Bhamriya Nala, Didtrict Mehsana • Printed at : GARVI TAKAT OFFSET-5, Ambika Complex, T.B. Road, Mehsana- 384002